Azadi Ka Amrit Mahotsav

જા.નં/મા-૯/10078
જિ.શિ. અધિકારી કચેરી, સુરત
Email : suratdeo@gmail.com
તા. 08 /૦૭/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, અનુદાનિત, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
જિ - સુરત.

આ સાથે સામેલ પત્ર અન્વયે તમામ શાળાઓને જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

# ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી

cot-trans-rsa@gujarat.gov.in

હુકમ ક્રમાંક: ૦૧/૨૦૨૪

ફાઇલ ક્ર. GRSA/PROG/e-file/362/2023/0110/CO-Ordination

<u>વંચાણે લીધા</u>:-

1. ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી એક્ટ,૨૦૧૮ ની કલમ-૪, કલમ-૧૫, કલમ-૧૭.
2. IRC:67:2022 Code Practice for Road Signs (Fourth Revision)
3. IRC:35:2015 Code Practice for Road Signs (Second Revision)
4. IRC:99:2018 Guidelines for Traffic Calming measure in Urban and Rural Areas
5. IRC:103:2022 Guidelines for Pedestrian Facilities
6. મોટર વ્હીકલ એક્ટ, ૨૦૧૯

<u>આમુખ</u> :-

રાજ્યમાં વર્ષ ૨૦૨૩ દરમિયાન માર્ગ પર અકસ્માત થવાના કારણે ૭,૬૧૮ લોકો મૃત્યુ પામેલ હતાં, જેમાં કુલ જીવ ગુમાવનારમાંથી ૧,૬૩૩ (૨૧%) વ્યક્તિ ૨૬ વર્ષની નીચેની વયના છે, જે ખૂબ જ ગંભીર બાબત છે. આ વયજૂથમાં મુખ્યત્વે શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ હોય છે.

રાજ્યમાં અંદાજે ૫૭,૨૫૬ શાળાઓના ૦૧ કરોડ જેટલા અને ૨,૬૧૩ ઉચ્ચ શૈક્ષિણક સંસ્થાઓ/કોલેજોના ૧૬.૪ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓ અવરજવર માટે વિવિધ વાહનો જેવા કે, સાઇકલ, સ્કુટર, બસ, વાન, રિક્ષાનો ઉપયોગ કરે છે. જેથી વિદ્યાર્થીઓની માર્ગ સલામતી વિષે વિચારવું અત્યંત જરૂરી છે.

શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ ટ્રાફિક, મુખ્ય માર્ગો પર EXIT અને ENTRY પોઈન્ટ, શાળા પરિસરની બહાર અનધિકૃત પાર્કીંગ અને દબાણ, પેડેસ્ટ્રીયન ક્રોસીંગનો અભાવ, અન્ડર એઈજ ડ્રાઈવિંગ, હેલ્મેટ ન પહેરવું અને વાહનની ક્ષમતા કરતાં વધુ મુસાફરો સાથે વાહન ચલાવવું જેવી

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
આવક નંબર :- 3965
તારીખ :-
સંખ્યા :-
સહી :-

કેટલીક માર્ગ સલામતીની સમસ્યાઓ જોવા મળે છે. જેથી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા માટે સંબંધિત વિભાગો પાસે નીચે દર્શાવેલ મુદ્દાઓ બાબતે જરૂરી પગલાં લેવાય તે ખૂબ જરૂરી છે.

## આદેશ:-

ગુજરાત રોડ સેફટી ઓથોરીટી એક્ટ,૨૦૧૮ ની કલમ ૪(૧)(ટ) તથા કલમ ૧૫(૧)(૨) મુજબ મળેલ સત્તાની રૂએ શૈક્ષણિક સંસ્થાઓ આસપાસ માર્ગ સલામતી સુનિશ્ચિત કરવાના હેતુસર નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

સંબંધિત માર્ગ નિર્માણ વિભાગે કરવાની થતી રોડ એન્જીનિયરીંગને લગતી બાબતો

1. રોડ સાઈનેજીસ.

- શૈક્ષણિક સંસ્થાઓ અને તેની આસપાસ ગતિ મર્યાદા, નો ઓવરટેકિંગ, નો-પાર્કીંગ, નો-હોર્ન, ફૂટપાથ પર નો-પાર્કીંગ જેવી ફરજિયાત નિશાનીઓ, 'આગળ શાળા છે', 'આગળ રાહદારી ક્રોસિંગ છે', 'આગળ સ્પીડ બ્રેકર છે', 'આગળ રમ્બલ સ્ટ્રીપ છે' જેવાં ચેતવણીદર્શક નિશાનીઓ તેમજ 'શાળા વિસ્તાર', 'પીક અપ અને ડ્રોપ પોઈન્ટ', 'શાળા વિસ્તાર સમાપ્તિ' જેવી માહિતીદર્શક નિશાનીઓ IRC:67:2022 Code Practice for Road Signs (Fourth Revision) મુજબ લગાડવામાં આવે તેવી વ્યવસ્થા કરાવવી.

2. રોડ માર્કીંગ

- શૈક્ષણિક સંસ્થાઓ અને તેની આસપાસ 'SLOW DOWN', 'SCHOOL AHEAD', 'SCHOOL KEEP CLEAR' અથવા 'COLLEGE KEEP CLEAR' જેવાં રોડ માર્કીંગ IRC:35:2015 Code Practice for Road Signs (Second Revision) મુજબ લગાડવામાં આવે તેવી વ્યવસ્થા કરાવવી.

3. ટ્રાફિક કાર્મિંગ મેઝર્સ

- શૈક્ષણિક સંસ્થાઓની આસપાસના માર્ગ ઉપર ENTRY તથા EXIT પોઈન્ટ પહેલા અને પછીના ૫૦ મીટર સુધીના માર્ગ ઉપર વાહનની ઝડપ ૨૫ કિ.મી. પ્રતિ કલાક રાખવા માટે સ્પીડ બ્રેકર, ઝીબ્રા ક્રોસીંગ, રમ્બલ સ્ટ્રીપ, ટ્રાન્સવર્સ બાર માર્કિંગ જેવાં ટ્રાફિક કાર્મિંગ IRC:99:2018 Guidelines for Traffic Calming measure in Urban and Rural Areas મુજબ પગલાં લેવડાવવા.

- શહેરી વિસ્તારોમાં હાઇવે (SH/NH) અને મુખ્ય માર્ગો પરના અપ્રોચ રોડની નજીકની શૈક્ષણિક સંસ્થાઓ પાસે ઝડપ ઘટાડવા માટે રમ્બલ સ્ટ્રીપ IRC ગાઈડલાઈન્સ મુજબ બનાવવામાં આવે તેવી વ્યવસ્થા કરાવવી.

4. ઝીબ્રા ક્રોસીંગ

- શૈક્ષણિક સંસ્થાઓની આસપાસના માર્ગ ઉપર ઝીબ્રા ક્રોસીંગ અથવા Raised Pedestrian Crossing જેવાં રાહદારીઓ માટેની સુવિધાઓ IRC:103:2022 Guidelines for Pedestrian Facilities મુજબ બનાવવી અને તેની નિયમિતપણે નિભાવણી કરવામાં આવે તેવી વ્યવસ્થા કરાવવી.
- શૈક્ષણિક સંસ્થાઓની આસપાસના માર્ગ ઉપર ENTRY તથા EXIT પોઈન્ટ પહેલા અને પછી ૫૦ મીટરના અંતરે રાહદારીઓ માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.

<u>એન્ફોર્સમેન્ટને લગતી બાબતો</u> (પોલીસ, આર.ટી.ઓ., સ્થાનિક વહીવટી તંત્ર, શૈક્ષણિક સંસ્થા)

- શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ અન્ડર એઈજ ડ્રાઈવિંગ, ઓવરસ્પીડ, અનધિકૃત પાર્કિંગ, વાહનની ક્ષમતા કરતાં વધુ મુસાફરોને બેસાડવા અને હેલ્મેટ/સીટબેલ્ટનો ઉપયોગ ન કરવો જેવાં ટ્રાફિક ગુન્હાઓ અંગે એન્ફોર્સમેન્ટ સુદૃઢ બનાવવું.
- સ્કૂલ બસ, રિક્ષા કે વાનથી આવતાં વિદ્યાર્થીઓની માર્ગ સલામતી જાળવવા આવાં વાહનોનું નિયમિતપણે ચેકિંગ કરવું.
- શૈક્ષણિક સંસ્થાઓ આસપાસ અનધિકૃત કે બેજવાબદાર રીતે પાર્ક કરેલા વાહનોને ખસેડવા સંદર્ભે એન્ફોર્સમેન્ટ કરવું.
- મોટી શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ વિદ્યાર્થીઓના પ્રવેશ અને છૂટવાના સમયે પોલીસ દ્વારા પટ્રોલવાન ઉપલબ્ધ કરાવવી.
- શાળા પરિસરની અંદર જ વાહનોનું પાર્કીંગ થાય તે સુનિશ્ચિત કરાવવું.
- વિદ્યાર્થીઓ માટેના પ્રવાસ આયોજન વખતે માર્ગ સલામતી સુનિશ્ચિત થાય તેવી વ્યવસ્થા કરાવવી.
- શૈક્ષણિક સંસ્થાઓની ENTRY અને EXIT પોઈન્ટ પાસે ટ્રાફિકની પરિસ્થિતિ ન સર્જાય તે માટે લારી ગલ્લાઓ અને ફેરિયાઓ પર પ્રતિબંધ મૂકવો.
- શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ લારી-ગલ્લા કે અન્ય અનધિકૃત દબાણ દૂર કરાવવું.
-

શિક્ષણ અને જાગૃતિને લગતી બાબતો (સંબંધિત શૈક્ષણિક સંસ્થા)

- શાળા તેમજ કોલેજ કક્ષાએ રોડ સેફટી સેલની રચના કરી સ્થાનિક પોલીસ તથા RTOના સંકલનમાં રહી ટ્રાફિક નિયમોની સમજ, ટ્રાફિક નિયમોના પાલન અને માર્ગ સલામતી વિષયક લોકજાગૃતિના કાર્યક્રમો કરવા.
- શાળા તંત્ર - વાલીઓની બેઠક (parent-teacher's meeting)માં શૈક્ષણિક સંસ્થાના પરિસરમાં અને પરિવહનમાં વિદ્યાર્થીઓની માર્ગ સલામતીની નિયમિતપણે સમીક્ષા કરવી.

આ આદેશ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા કરવામાં આવેલ હોઈ સદર આદેશનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. શહેર/જિલ્લા માર્ગ સલામતી સમિતિએ નિયમિતપણે આ આદેશના અમલીકરણની સમીક્ષા કરવાની રહેશે.

ઉક્ત આદેશના પાલનમાં ચૂક થયેથી ગુજરાત રોડ સેફટી ઓથોરીટી એક્ટ,૨૦૧૮ ની કલમ-૧૫(૪) તેમજ ૧૭(૧) અંતર્ગત દોષિત સામે દંડનીય કાર્યવાહી કરવાની જોગવાઈ છે.

(signature) ૪/૦૬/૨૦૨૪

રોડ સેફ્ટી કમિશનર

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ક્રમાંક: ૦૧/૨૦૨૪

ફાઇલ ક્ર. GRSA/PROG/e-file/362/2023/0110/CO-Ordination

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી

પહેલો માળ,આંકડા બ્યુરો ભવન,

પોલીસ ભવનની બાજુમાં, સેક્ટર-૧૮,

ગાંધીનગર-૩૮૨૦૦૯

04 JUN 2024

પ્રતિ,

1. અધ્યક્ષશ્રી, શહેર માર્ગ સલામતી સમિતિ અને પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ.
2. અધ્યક્ષશ્રી, જિલ્લા માર્ગ સલામતી સમિતિ અને જિલ્લા કલેકટરશ્રી, તમામ
3. કમિશનરશ્રી, મહાનગરપાલિકાઓ, તમામ.
4. પોલીસ અધિક્ષકશ્રી, તમામ જિલ્લા
5. પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, તમામ જિલ્લા

શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,
(૧) કમિશ્નરશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર.
(૨) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સે-૧૭,ગાંધીનગર.
(3) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લો. ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૫) સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડ સે. ૧૦બી, ગાંધીનગર.
(૬) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લો૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

વિષયઃશૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેની માર્ગ સલામતી સુદ્દઢ કરવા અંગેની બાબતો

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના તા.૦૪/૦૬/૨૦૨૪ના હુકમ નં. ૦૧ /૨૦૨૪, ફાઇલ ક્રમાંક : GRSA / PROG /e-file/362/2023/0110/Co-Ordination ને મોકલી આપતાં જણાવવાનું કે, પત્રમા શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેની માર્ગ સલામતી સુદ્દઢ કરવા અંગેની બાબતો જણાવેલ છે, જે ધ્યાને લઇ નિયમાનુસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
(એ.એમ.જાદવ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ: ઉપર મુજબ

File No: ED/MIS/e-file/3/2024/2864/V-2 Co-ordination
Approved By: Deputy Secretary.V-2 Co-ordination.ED